**DATE: 02/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## તમામ વિગતો પોલીસને આપવી પડશે

# ભરૂચમાં કામવાળીઓ તથા ઘરઘાટીઓની નોંધણી થશે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર તથા જિલ્લામાં ગુનાખોરીના બનાવો રોકવા માટે પોલીસે કામવાળીઓ તથા ઘરઘાટીઓની નોંધણી ફરજિયાત બનાવી છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એન આર ધાધલે ફોજદારી કાર્યરીતી અધિનિયમ, 1973ની કલમ-144 અન્વયે મળેલ સત્તાની રૂ એ હુકમ કર્યો છે કે, ભરૂચ જીલ્લામાં તમામ મકાન માલિકો પોતાને ત્યાં ઘરઘાટી અને કામવાળી મહિલાને કોના મારફતે પોતાને ત્યાં કામે રાખેલ તે વ્યક્તિનું માન્ય ઓળખપત્ર, રહેઠાણના પુરાવા વિગેરેદસ્તાવેજો ચકાસવા તેમજ ઘરઘાટી અનેકામવાળી મહિલાઓના નામ-સરનામાની માહિતી મકાન માલિકે પોતાની પાસે રાખવાની રહેશે તેમજ નજીકનાપોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે.આ હુકમનો અમલ આગામી બે મહિના સુધી રહેશે.

**DATE: 02/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-02**

# પાલેજ ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સફાઈ અભિયાન હાથ ધરાયું



મહાત્મા ગાંધીની જન્મ જયંતી નિમિત્તે વડાપ્રધાન પ્રેરણાથી પાલેજ ગામ સ્વચ્છ અને સુંદર રહે તે હેતુથી ગામમાં સફાઈ અભિયાન કરવામાં આવ્યું હતું. ગામની મુખ્ય આરોગ્યની સુવિધા પૂરી પાડતી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પાલેજ જિલ્લા સદસ્ય મલંગ ખાન પઠાણ તલાટી કમ મંત્રી કરણસિંહ પંચાયત સદસ્યો સ્ટાફ હોસ્પિટલ નાં મેડિકલ ઓફિસર રાજીકાબેન નર્સ બેનો સ્ટાફ દ્વારા સંયુક્ત રીતે સફાઈ અભિયાન કરવામાં આવ્યું હતું. પાલેજ પોલીસ સ્ટેશને પી આઈ શિલ્પા બેન દેસાઈ તેમજ સમગ્ર પોલીસ સ્ટાફ દ્વારા પોલીસ ચોકી કમ્પાઉન્ડમાં સફાઈ અભિયાનની શરૂઆત કરી હતી. જીઆઈડીસીમાં જાણીતી એમકોર કંપની દ્વારા નવી વસાહતમાં આગેવાન તથા ગામ જન પ્રતિનિધીના સહયોગ થી લોક ભાગીદારી થી એક કલાક શ્રમદાન ની પ્રવૃતિ નું આયોજન હેઠળ ગામ સફાઈ નું આયોજન કરેલ હતુ. પાલેજ રેલવે સ્ટેશને એસ.એસ.મીના સહિત અધિકારીઓ  કાર્યક્રમ માં ઉપસ્થીત રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

**DATE: 02/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

## જિલ્લા સ્તરે શૌર્યયાત્રાનું આયોજન

# વાગરામાં શોર્યયાત્રા પહેલાં પોલીસે બાઈક રેલી યોજી

| વાગરા |

વાગરા તાલુકામાં આગામી ૫ મી ઓકટોબરના રોજ શોર્ય રેલીનું આયોજન કરવામાં આવ્યુ છે. જે સંદર્ભે વાગરા પોલીસ દ્વારાશાંતિ અને સુરક્ષા જળવાઈ રહે તે હેતુસર નાગરિકોને પોલીસ એક્શનમાં હોવાનો એહસાસ કરાવવા બાઈક રેલી યોજવામાં આવી હતી.

સાથે જ પોલીસ તાબા હેઠળના વિસ્તારોની સ્થિતિ અંગેનો તાગ મેળવવાનો પોલીસ દ્વારા પ્રયાસ કરાયો હતો. વાગરા પોલીસ મથકની હદ વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પોલીસ દ્વારા બાઈક રેલી યોજવામાં આવી હતી. વાગરા પોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.કે. જાડેજાની આગેવાની હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સમાવિષ્ટ વાગરા નગર ઉપરાંત ખંડાલી,સારણ, સાચણ,પહાજ સહિતના વિવિધ ગામોમાં બાઈક રેલી કાઢી પરિભ્રમણ કરાયુ હતુ.વધુમાં ઉક્ત વિસ્તારોમાં શાંતિ અને સુરક્ષા જાળવવા માટે પરિસ્થિતિ નો તાગ પણ મેળવવા માં આવ્યો હતો.ગામડાઓ માં થી પસાર થતી ખાખીધારી પોલીસની બાઈક રેલી ને જોઈ બાળકો સહિત મોટેરાઓ પણ અચંબા માં મુકાઈ ગયા હતા. જિલ્લા સ્તરે બજરંગ દળ તેમજ VHP દ્વારા શૌર્યયાત્રા યોજવામાં આવી રહી છે.

**DATE: 03/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# નેત્રંગમાં શૌર્ય જાગરણ યાત્રા નીકળી

નેત્રંગ। વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ આયોજીત શૌર્ય જાગરણ યાત્રા નેત્રંગ આવી પહોંચી હતી. જેમાં ભગવાન રામને રથમાં બેસાડી જીનબજાર ,રાધાકૃષ્ણ મંદિર, જલારામ મંદિર,જવાહર બજાર, નેત્રંગ ચાર રસ્તા, સ્વામિનારાયણ મંદીર સહિતના વિસ્તારોમાં ફેરવવામાં આવ્યાં હતાં. યાત્રા માર્ગમાં ઠેર ઠેર રામજીના રથની પુષ્પવર્ષા કરી સ્વાગત કરવામાં આવ્યુ હતુ. સેલંબામાં બનેલી ઘટના બાદ શૌર્ય યાત્રા પહેલાં નેત્રંગના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસે ફ્લેગમાર્ચ કરી હતી.

**DATE: 03/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

# આમોદ પોલીસે ટ્રાફિક ડ્રાઈવ યોજી વાહન ચાલકોને દંડ ફટકાર્યો

જંબુસર : આમોદ માં ટ્રાફિકના નિયમોની ઐસે કી તૈસી કરનાર વાહન ચાલકો સામે આમોદ પોલીસે કડક હાથે કામ લીધું હતું.

આમોદના પોલીસ સબ ઈન્સ્પેક્ટર રાજેન્દ્રસિંહ અસવારની ઉપસ્થિતિમાં ટ્રાફિક વિભાગના જમાદાર શંકરભાઈ બાવજી તેમજ આમોદ પોલીસે આછોદ ત્રણ રસ્તા ખાતે ટ્રાફિકના નિયમો નું ઉલ્લંઘન કરતા વાહનચાલકો માટે ટ્રાફિક ડ્રાઈવ હાથ ધરી હતી.જેમાં બેફામ વાહન હંકારતા તેમજ રોંગ સાઈડ ચલાવતા ચાલકો સહિત આર.ટી.ઓ.ના નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકો સામે કાર્યવાહી હાથ ધરી હતી. નંબર પ્લેટ, હેલ્મેટ, લાયસન્સ વિના વાહન હંકારતા ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરી પોલીસે ૧૧૦૦૦ રૂપિયાનો સ્થળ ઉપર જ દંડ વસૂલ કર્યો હતો.

**DATE: 04/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### સેલંબા ઘટના બાદ શૌર્ય યાત્રા પોલીસ બંદોબસ્ત સાથે પસાર થઇ

# અંકલેશ્વર ખાતે વરિષ્ઠ કારસેવકોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



વિશ્વ હિન્દૂ પરિષદના 70 વર્ષ પૂર્ણ થતા વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા શૌર્ય જાગરણ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભરૂચ જિલ્લાનાહાંસોટ ખાતે ગામના આગેવાનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું .હાંસોટથી યાત્રા સજોદ સહીત ગામોમાંથી પસાર થઈ અંકલેશ્વર આવી પહોંચી હતી જ્યાં અંકલેશ્વર એશિયાડ નગર ખાતેથી યાત્રા ડીજે સાથે શહેર માં નીકળી હતી. જે શહેર ચૌટાનાકા ખાતે યાત્રા નું સ્વાગત અને આરતી યોજવામાં આવી હતી સાથે સાથે રામ મંદિર માટે બાબરી ધ્વંસ માટે કાર સેવામાં ગયેલા અંકલેશ્વરના કાર સેવક હરેશ પુષ્કર્ણા તેમજ હિતેન્દ્ર મહેતાનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું ત્યાંથીયાત્રા આગળ ત્રણ રસ્તા તરફ પ્રયાણ કર્યું હતું. ત્યાંથીઓએનજીસી રોડ થઈ નવીનગરી થી ગડખોલ ટી બ્રિજ થઈ અંદાડા , ગડખોલ માંડવા થઈ રાત્રી ના ભરૂચ પહોંચી હતી. સેલંબા ની ઘટના ને લઈ હાંસોટ અંકલેશ્વર ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે યાત્રા પસાર થઈ હતી યાત્રા માં પોલીસ એ કેમેરા, બોડી કેમતેમજ ડ્રોન વડે સર્વેલન્સકરી નજર રાખી હતી

**DATE: 04/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

# વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગદળ દ્વારા શૌર્ય જાગરણ યાત્રાનું હાંસોટ ખાતે આગમન



હાંસોટ : વિશ્વ હિન્દૂ પરિષદના ૭૦ વર્ષ પૂર્ણ થતા વિશ્વ હિન્દુ પરિસદ અને બજરંગ દળ દ્વારા શૌર્ય જાગરણ યાત્રાનું આયોજન થયું હતું. વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગદળ દ્વારા સમાજ જાગરણ અને યુવા શક્તિ શૌર્ય જાગરણ હેતુ દેશભર માં ક્ષશૌર્ય જાગરણ યાત્રાનું આયોજન ચાલી રહ્યું છે. જેના ભાગ સ્વરૂપે ભરૂચ જિલ્લાના હાંસોટ ખાતે શૌર્ય જાગરણ યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ યાત્રા હાંસોટનાં સુણેવ ગામથી રાત્રિ રોકાણ કરી સવારે સુણેવ ગામથી નીકળી રાયમા અલ્વા ગામ રહીને હાંસોટ ગામે આવી પહોંચી હતી. આ યાત્રામાં હાંસોટ ગામના આગેવાનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. તથા કોઈ અનિચ્છનિય ઘટના ન બને એના હેતુથી પોલિસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આ યાત્રા હાંસોટથી નીકળી દિગમ ગામ રહી અંકલેશ્વર રવાના થઈ હતી.

**DATE: 04/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# જુના સક્કરપોર ગામે કારમાં સંતાડેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

અંકલેશ્વર તા.૩

અંકલેશ્વરના જુના સક્કરપોર ગામે સ્થાનિક બૂટલેગર દ્વારા કારમાં સંતાડેલ વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. ભરૂચ લોકલ ક્રાઇમ બ્રાંચના કર્મીઓ પેટ્રોલિંગમાં હતા.દરમ્યાન મળેલ બાતમીના આધારે અંક્લેશ્વર તાલુકાના જુના સક્કરપોર ગામે તાડ ફળિયા વિસ્તારમાં દરોડા પાડ્યા હતા.દરોડા દરમ્યાન તાડ ફળિયામાં રહેતો કુંદન રમણ વસાવાની સફેદ કલરની એક્ષ.યુ.વી ફોરવ્હીલ ગાડીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો સંતાડ્યો હતો. પોલીસે કારમાંથી રૂ.૨૫ હજારની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો સહિત ગાડી મળી કુલ ૨,૨૫,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી મામલે કારના માલિકને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 05/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### સંજાલી અને સારસા ગામેથી ખેલીની અટકાયત

# ઝઘડિયા તા.ના બે ગામોમાં જુગાર રમાડતા ત્રણ ખેલાડીઓ ઝડપાયા

। ઝઘડિયા ।

ઝઘડિયા તાલુકાના બે અલગઅલગ સ્થળોએથી પોલીસે આંકડાનો જુગાર ઝડપી લઈને કુલ ત્રણ ઈસમો સામે ગુનો નોંધ્યો હતો. રાજપારડી પોલીસ મથક વિસ્તારના સારસા ગામે નવા ફળિયામાં રહેતો કમલેશ શાંતિલાલ વસાવા નામનો યુવક નવા ફળિયામાં પાન પડીકીના ગલ્લામાં આંકડા લખીને હારજીતનો જુગાર રમાડે છે, તેવી બાતમી મળતા રાજપારડી પોલીસે સ્થળ ઉપર જઈને છાપો મારતા સ્થળ ઉપરથી કમલેશ શાંતિલાલ વસાવાને વિવિધ આંકડા લખેલ ચોપડો,બોલપેન તેમજ રોકડા રુપિયા ૯૫૦ સાથે ઝડપી લઈને તેના વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે ઉમલ્લા પોલીસ મથક વિસ્તારના સંજાલી ગામે બસ સ્ટેન્ડ નજીક આવેલ ગલ્લાની ઓથમાં બેસી જાહેરમાં આંકડા લખતા કમલેશ દશરથ વસાવા રહે.ગામ સંજાલી, પીપરી ફળિયું, તા.ઝઘડિયાનાને ઉમલ્લા પોલીસે વિવિધ આંકડા લખેલ નોટબુક બોલપેન તેમજ રોકડા રુપિયા ૪૨૪૦ સાથે ઝડપી લીધો હતો. આ ઈસમને તે આંકડા લખીને વેપાર કોને આપે છે તેમ પુછતા તેણે ઝઘડિયા તાલુકાના દરિયા ગામે રહેતા કમલેશ કાન્તિભાઈ વસાવાનું નામ આપ્યું હતું. ઉમલ્લા પોલીસે કમલેશ દશરથ વસાવા રહે. સંજાલી તા.ઝઘડિયા તેમજ કમલેશ કાન્તિભાઈ વસાવા રહે.ગામ દરિયા તા.ઝઘડિયાના વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 05/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### ટંકારી ભાગોળ ખાતે ધારાસભ્ય સહિત આગેવાનો જોડાયા

# શૌર્ય જાગરણ યાત્રા જંબુસર નગર ખાતે આવી પહોંચતાં સ્વાગત કરાયું

। જંબુસર ।

વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગ દળ દક્ષિણ ગુજરાત પ્રાંત ધ્વારા આયોજિત શૌર્ય જાગરણ યાત્રા જંબુસર નગર ખાતે આવી પહોંચતાં તેનું જંબુસરના વિશ્વ હિંદુ પરિષદ તથા બજરંગ દળના આગેવાનો ધ્વારા ભવ્ય સ્વાગત કરાયુ હતું.

શૌર્ય જાગરણ યાત્રા જંબુસર નગર ખાતે આવી પહોંચતા તેનુ પ્લાઝા હોટલ પાસે મહાપુરા ગામના બજરંગદળના તથા વિશ્વ હિંદુ પરિષદના કાર્યકરો તથા ગ્રામજનો ધ્વારા સ્વાગત કરાયુ હતુ.

શૌર્ય જાગરણ યાત્રામાં ત્યાંથી જંબુસર શહેર તથા તાલુકાના વિશ્વ હિંદુ પરિષદ તથા બજરંગ દળના અગ્રણીઓ તથા કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં બાઈક સાથે જોડાયા હતા. બાઈક રેલી સાથે શૌર્ય જાગરણ યાત્રા ટંકારી ભાગોળ ખાતે પહોંચતા ટંકારી ભાગોળ ખાતે વિશ્વ હિન્દુ પરિષદના તથા બજરંગ દળના અગ્રણીઓ ભુપેન્દ્ર પંચાલ, શક્તિ પટેલ, ધારાસભ્ય ડીકે સ્વામી, તાલુકા પંચાયત પ્રમુખ નિતીનભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ ચંદ્રકાંત પટેલ, શહેર ભાજપ મહામંત્રી મનન પટેલ સહિત ના અગ્રણીઓ એ સ્વાગત કર્યુ હતુ.

બાદમાં શૌર્ય જાગરણ યાત્રાએ જંબુસર નગરમા પ્રસ્થાન કર્યુ હતુ અને સ્વામીનારાયણ મંદિર ખાતે પહોંચી હતી. જયાં સભામાં પરિવર્તિત થઈ હતી.

શૌર્ય જાગરણ યાત્રાને અનુલક્ષીને વિભાગીય પોલીસ અધિક્ષક પી.એલ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર વી.એન. રબારીએ નગરમા તથા શૌર્ય જાગરણ યાત્રાના રૂટ ઉપર ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો હતો. તેમજ જંબુસર નગરના મુખ્ય બજારમા પણ મુસ્લિમ વેપારીઓએ પોતાની દુકાનો બપોર પછી સ્વેચ્છીક બંધ રાખી હતી.

**DATE: 05/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ચુસ્ત બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ રીતે યાત્રા નગરમાંથી પસાર થઇ જતાં હાશકારો

# પાલેજ નગરમાં શૌર્ય જાગરણ યાત્રા પહેલાં બજારો બંધ કરાવતાં વેપારીઓમાં કચવાટ

ભાસ્કર ન્યૂઝ | પાલેજ

નર્મદા જિલ્લાના સેલંબામાં શૌય જાગરણ યાત્રા દરમિયાન થયેલાં ધિંગાણા બાદ હવે પોલીસ છાશ પણ ફૂંકીને પી રહી છે. ભરૂચના સંવેદનશીલ ગણાતાં પાલેજમાં યાત્રાના આગમન પહેલાં પોલીસે બજારની દુકાનો બંધ કરાવી દીધી હતી. ધંધાના સમયે જ દુકાનો બંધ કરાવી દેવામાં આવતાં વેપારીઓમાં રોષ ફેલાયો હતો. બુધવારે સવારે 10 વાગ્યાના અરસામાં પાલેજ ચોકડી ખાતે યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પાલેજ હાઈવેથી તળાવ વાળા રસ્તે બજાર તથા સ્ટેશન રોડ થઈ યાત્રા શાંતિપૂર્ણ માહોલમાં આમોદ તરફ જવા રવાના થઇ હતી. મલંગ ખાન પઠાણ, શબ્બીર પઠાણ, વીરેન્દ્ર સિંહ



ગોહિલ અન્ય કાર્યકરો સ્વાગત માં જોડાયા હતાં. સમગ્ર યાત્રાના રૂટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે યાત્રા અગાઉ આગેવાનો અને વેપારીઓ સાથે બેઠક યોજી હતી.

**DATE: 06/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# અંકલેશ્વરની હોટલના પાર્કિંગમાં ટ્રકની ચોરી કરી ફરાર થયેલો ટ્રક ચાલક ઝડપાયો

અંકલેશ્વર તા.૫

અંકલેશ્વરની રાજપીપળા ચોકડી પાસે આવેલ હોટલના પાર્કિંગમાં જી.એસ.ટી.નો મેમો આપી પાર્ક કરવામાં આવેલ ટ્રકની ચોરી કરી ચાલક ફરાર થઈ ગયો હતો,જેને જી.આઈ.ડી.સી. પોલીસે ઝડપી પાડ્યો હતો.

## જીએસટી વિભાગે ડિટેન કરી પાર્ક કરાવી હતી પરંતુ ટ્રક ચાલક ટ્રક લઈ ફરાર થઈ ગયો હતો

અંકલેશ્વરના કોસમડી ગામની અંબે ગ્રીન સોસાયટીમાં રહેતા રાજદીપસિંહ મનુભા ગોહિલ સાગબારા મોબાઈલ સ્કોવોર્ડ અન્વેષણ વિભાગ વડોદરા ખાતે સ્ટેટ ટેક્ષ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. જેઓ ગત તાર૩મી સપ્ટેમ્બરે રોજ રાજ્ય વેરા અધિકારી અને જી.એસ.ટી ઈન્સ્પેકટર સાથે અંકલેશ્વર-વાલિયા રોડ ઉપર આનંદ રેસ્ટોરન્ટ પાસે ટ્રકને અટકાવી હતી અને ઈ-વે બિલ ચેક કરતા ઈ-વે બિલ જનરેટ નહીં કરેલ જણાતા જી.એસ.ટી.ની ટીમે એ.એસ.રોલિંગ સ્ક્રેપ ભંગાર ભરેલ ટ્રકને ગુજરાત માલ અને સેવા અધિનિયમની કલમ હેઠળ મધ્ય પ્રદેશના ખારીપૂરા બદસ્લે ગામના ટ્રક ચાલક દશરથ હગરીયા બડોલેને મેમો આપી ટ્રક અંકલેશ્વરની રાજપીપળા ચોકડી પાસે આવેલી વર્ષા હોટલના કમ્પાઉન્ડમાં પાર્ક કરાવી હતી. જે બાદ સવારે અધિકારીઓ વર્ષા હોટલના કમ્પાઉન્ડમાં જતા ત્યાં પાર્ક કરાવેલ ટ્રક ચાલક લઈ ફરાર થઈ ગયો હોવાનુ ધ્યાન ઉપર આવતા સ્ટેટ ટેક્ષ ઓફિસરે અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ મથકે ૧૦ લાખની ટ્રકની ચોરી અંગે ફરિયાદ નોંધાવી હતી. તે દરમિયાન જી.આઈ.ડી.સી.પોલીસે મહારાષ્ટ્રના શાહદા ખાતેથી ટ્રક ઝડપી પાડી હતી જ્યારે ચાલકને મધ્ય પ્રદેશ ખાતેથી અટકાયત કરી તપાસ હાથ ધરી હતી.

**DATE: 06/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**

# આમોદમાં વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળની શૌર્ય જાગરણ યાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું

આમોદ તા.૫

વિશ્વ હિન્દુ પરિષદના ૬૦ વર્ષ પૂરા થતાં ભારત ભરમાં શૌર્ય જાગરણ યાત્રાનું આયોજન કરાયું હતું.આમોદમાં ગત રોજ રાત્રીના સમયે જંબુસરથી વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળના કાર્યકરોની વિશાળ બાઈક રેલી સાથે શૌર્ય યાત્રા આવી પહોંચતા આમોદ ચાર રસ્તા ઉપર ફટાકડાની આતશબાજી સાથે સ્વાગત કરાયું હતું.

## 'ભારત માતા કી જય' અને 'જય શ્રી રામ'ના નારા સાથે આમોદનું વાતાવરણ ગૂંજી ઉઠ્યું.

આમોદમાં બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો સાથે નગરપાલિકા પ્રમુખ ,કારોબારી ચેરમેન ,ઉપપ્રમુખ જશુભાઈ રાઠોડ તથા ભાજપ શહેર પ્રમુખ સહિત અન્ય હિન્દુ આગેવાનોને ભગવાન રામની આરતી ઉતારી તેમજ ફૂલો વધાવી સ્વાગત કર્યું હતું. 'ભારત માતા કી જય' તેમજ 'જય શ્રી રામ'ના નારા સાથે આમોદનું વાતાવરણ ગૂંજી ઉઠ્યું.આમોદ તિલક મેદાનથી ધારાસભ્ય પણ શૌર્ય યાત્રામાં જોડાયા હતા. આમોદ કાલિકામાતા મંદિરના વિશાળ ચોગાનમાં રેલી સભાના રૂપમાં પરિવર્તિત થઈ હતી.જેમાં આમોદના કારસેવકોનું આવેલા મહેમાનોના હસ્તે ફૂલહાર પહેરાવી સન્માન કર્યુ હતું.ત્યાર બાદ ધારાસભ્ય સહિત આવેલા વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળના આગેવાનોએ અયોધ્યામાં રામ મંદિર માટે ચાલતા અનેક આંદોલનમાં હિન્દુઓની શૌર્ય ગાથા વિશે વાત કરી હતી વિશ્વ હિંદુ પરિષદની શૌર્ય જાગરણ યાત્રા દરમિયાન પોલીસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.અને પોલીસે સિવિલ ડ્રેસમાં ચાંપતી નજર રાખી હતી.

**DATE: 06/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પહાજ સહિત ગામોમાં મુસ્લિમ બિરાદરોએ યાત્રાનું સ્વાગત કર્યું

# વાગરામાં અફવાના ગરમ બજાર વચ્ચે શૌર્ય યાત્રા શાંતિપૂર્ણ રીતે પસાર થઇ

ભાસ્કર ન્યૂઝ | વાગરા

ભરૂચ જિલ્લાના તાલુકા મથક વાગરામાં અફવાઓના ગરમ બજાર વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં શૌર્ય યાત્રા પસાર થઇ હતી..

નર્મદાના સેલંબામાં શૌર્ય યાત્રામાં થયેલાં રમખાણો બાદ યાત્રા ચર્ચામાં આવી છે. આ યાત્રા પાલેજમાંથી પસાર થવાની હતી તે પહેલાં પોલીસે વેપારીઓને દુકાનો બંધ રાખવા અપીલ કરી હતી. ગુરૂવારના રોજ શૌર્ય યાત્રા સંવેદનશીલ ગણાતાં વાગરા નગરમાંથી પસાર થવાની હતી પણ તે પહેલાં બુધવારે રાત્રિના સમયે ગુરૂવારે બંધનું એલાન હોવાની અફવા વહેતી થઇ હતી. આ અફવા દાવાનળની જેમ ફેલાતાં પોલીસે વિવિધ વિસ્તારોમાં વાહનો ફેરવી અફવાથી દૂર રહેવા અપીલ કરી હતી. ગુરૂવારે સવારના 10.30 વાગ્યાના અરસામાં યાત્રા આમોદથી વાગરા ખાતે આવી પહોંચી હતી. જયાં જુમ્મા મસ્જિદ, એસટી ડેપો, ચીમન ચોક સહિતના વિસ્તારોમાં યાત્રા ફરી હતી અને ચોતરા પાસે આરતીનો કાર્યક્રમ યોજાયો હતો. પીએસઆઇ અનિતા જાડેજાના માર્ગદર્શન હેઠળ યાત્રાના રૂટ પર પોલીસ પોઇન્ટ ગોઠવી દેવાયાં હતાં. પહાજ સહિતના ગામોમાં યાત્રાનું મુસ્લિમ બિરાદરોએ સ્વાગત કર્યું હતું.

**DATE: 06/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરના કાનવા ગામ પાસે દરોડો પોલીસને જોઈ બૂટલેગર દારૂના થેલા નાખી સાગરીત સાથે ફરાર

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર માટીએડ નો બુટલેગર શેરડીના ખેતર માં સંતાડેલો દારૂ પોલીસ જોતા જ જાહેરમાં નાખી ફરાર થઈ ગયો હતો. પોલીસે પીછો કરતા બુટલેગર અને અન્ય ઈસમ સાથે ફરાર થયો હતો.

સજોદ આઉટ પોસ્ટની ટીમ ને ચોક્કસ માહિતી મળી હતી કે માટીએડ ગામનો બુટલેગર અક્ષય વસાવા હજાતથી કાનવા ગામની સીમ માં શેરડીના ખેતર માંથી દારૂ સગેવગે કરી રહ્યો છે. જે આધારે દરોડા પાડતા જ પોલીસ જોઈ અક્ષય વસાવા અને તેની સાથે રહેલ ઈસમ દારૂ ના થેલા નાખી ફરાર થઈ ગયા હતા પોલીસે પીછો કરતા ગાડી પુરપાટ ભગાવી બને ઈસમો હાથ લાગ્યાં ન હતાં. પોલીસે 26.400 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બીજા કેસમાં ઉમરવાડાના જોશી ફળિયામાં રહેતા રાકેશ વસાવા ના ઘરે ચોક્કસ માહિતી આધારે દરોડો પાડતા પોલીસ વાળા ના છુપાવેલો દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

**DATE: 07/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

## નેત્રંગ પંથકમાં પોલીસનો સપાટો

# સતત બીજા દિવસે બે મહિલા સહિત ૩ બૂટલેગરોની ધરપકડ

નેત્રંગ,તા.૬

નેત્રંગ પોલીસ સ્ટેશન વિસ્તારના વિવિધ ગામોમાંથી તા.૪ના રોજ પોલીસે રેડ પાડી પાંચ મહિલા બૂટલેગરોને ઝડપી હતી. જે બાદ ગઈકાલે વધુ બે મહિલા બૂટલેગર સહિત ત્રણને ઝડપી લીધા હતાં.

## ૩ દિવસમાં ૭ મહિલા સહિત કુલ ૮ બૂટલેગરો સામે કાર્યવાહી

નેત્રંગ તાલુકામાં ગ્રામ્ય વિસ્તારોમાં દેશી અને વિદેશી દારૂની બદી ફેલાઈ છે. ગામડાઓમાં મહિલાઓ મોટા પ્રમાણમાં દારૂના વ્યવસાય સાથે સંકળાયેલી જોવા મળે છે. ત્યારે પોલીસ દ્વારા છેલ્લા કેટલાક સમયથી ગ્રામ્યવિસ્તારોમાં ચાલતાં દારૂના અડ્ડા પર રેડ કરવાની કાર્યવાહી શરૂ કરાઈ છે.

જે અંતર્ગત ગઈકાલે નેત્રંગ પોલીસે અલગ અલગ બીટ વિસ્તારમાં રેડ કરીને દેશી દારૂનુ વેચાણ કરતી કોલિયાપાડા ગામની નવી વસાહત ખાતે રહેતી ફલવંતી દશરથ વસાવા, ધાણીખુંટ ગામે રહેતી સુમિત્રા જયંતિ વસાવા તેમજ કોયલી માંડવી ગામના ચકલા ફળીયામા રહેતો કલ્પેશ ફલજી વસાવાને ઝડપી પાડી તેમની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે. આમ નેત્રંગ પંથકમાંથી ત્રણ દિવસમાં જ દેશી દારૂનુ વેચાણ કરતી સાત મહિલા બૂટલેગર સહિત કુલ ૮ સામે કાર્યવાહી કરાઈ છે.

**DATE: 07/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### ભરૂચે એસીબી સર્કલ પાસે બાઈક સવારની પૂછપરછમાં

# ચેઈન સ્નેચીંગના ગુનામાં બે ઈસમા મુદ્દામાલ સાથે ઝડપાયા

## રૂા.૧.૨૫ લાખનો મુદ્દામાલ રીકવર કરી કાર્યવાહી કરાઈ

| ભરૂચ |

ભરૂચ પંથકમાં ચેઈન સ્નેચીંગના ગુનાઓ વધી રહ્યા છે ત્યારે ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાએ આવા ગુનાઓને અટકાવવા માટે સુચના આપી હતી. આ સુચનાના આધારે ભરૂચ શહેર સી.ડીવીઝન પીઆઈ એચ.બી.ગોહિલે જુદી જુદી ટીમો બનાવી ચેઈન સ્નેચીંગના ગુનાઓમાં સંડોવાયેલાઓને શોધી કાઢવા માટે પોતાના સ્ટાફને સુચના આપી હતી.

તેવામાં બાતમી મળી હતી કે. ભરૂચ સીટી સી.ડીવઝન પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલા ચેઈન સ્નેચીગ અને ચીલઝડપ અંગેના ગુનામાં વપરાયેલ હીરો સુપર સ્પેલન્ડર બાઈક ઉપર બે ઈસમો નર્મદા ચોકડીથી એબીસી ચોકડી તરફ આવી રહેલ છે.

આવી બાતમી મળતા સી. ડીવીઝન પોલીસના પીઆઈ એચ.બી.ગોહિલે સ્ટાફને બાતમી મુજબની બાઈક શોધી કાઢવા જણાવતા બાતમી મુજબની હીરો સુપર સ્પેલન્ડર બાઈક એબીસી સર્કલ પાસે આવતા તેને રોકી લઈ બાઈક સવાર ઈસમોની સઘન તપાસ કરી હતી. જેમાં સી.ડીવીઝન પોલીસ મથકે નોંધાયેલ ગુનામાં ગયેલ સોનાની તૂટેલી ચેઈન નંગ ૧, કિંમત રૂા.૪૦ હજાર તથા મોબાઈલ નંગ ૧ કિંમત રૂા.૫૦૦૦ તેમજ બાઈક કિંમત રૂા.૮૦ હજાર અને રોકડા રૂા.૫૪૦ મળી કુલ રૂા.૧.૨૫,૫૪૦ નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.




પકડાયેલ આરોપીઓની તપાસ કરતા આરોપીઓના નામ મહેશ રમેશભાઈ સલાટ, રહે. આમોદર ગામ, વાઘોડીયા રોડ,વડોદરા, મુળ રહે.આમોદ, જિ.ભરૂચ. જયારે બીજા આરોપીનું નામ દિલીપ રમણભાઈ વાદી,રહે.હીરાબા નગર, બાપોદ, વડોદરા જણાયુ હતુ. આ બનાવના આરોપીઓની વધુ તપાસ સી.ડીવીઝન પોલીસ કરી રહી છે જે દરમ્યાન આવા વધુ ગુનાઓનો પર્દાફાશ થાય તેવી સંભાવના જણાય રહી છે.

**DATE: 07/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### ભરૂચની એમિકસ શાળા દ્વારા મુલાકાત યોજાઈ

# વિદ્યાર્થીઓએ પોલીસ તંત્રની કામગીરીની જાણકારી મેળવી

| ભરૂચ |

ભરૂચ જિલ્લાની જુદી જુદી શાળાના વિદ્યાર્થીઓમાં પોલીસ તંત્ર કેવી રીતે કામગીરી કરે છે તે અંગેની જીજ્ઞાશા જણાય રહી છે. આવી જીજ્ઞાશાના પગલે ભરૂચ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા વિવિધ સમયે શાળાના વિદ્યાર્થીઓને પોલીસ તંત્રની કામગીરી અંગેની તમામ માહિતી આપવામાં આવે છે. આમ કરવાથી વિદ્યાર્થીઓમાં કેટલીક સજાગતા પણ આવી જાય છે અને તેથી ગુનાઓ પણ બનતા અટકે છે.

તાજેતરમાં ભરૂચ તાલુકાના નબીપુર પોલીસના પીએસઆઈ કે.એમ.ચૌધરી અને તેમના સ્ટાફ દ્વારા એમિકસ શાળાના વિદ્યાર્થીઓને પોલીસ તંત્રની કામગીરી અંગે માહિતી આપવામાં આવી હતી જેમાં ટ્રાફીક અવરનેશ, સાઈબર ક્રાઈમ, ગુડ ટચ અને બેડ ટચ તેમજ પોલીસ તંત્રની કામગીરી અંગેની તમામ માહિતી આપવામાં આવી હતી. આ અંગે પીપીટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને મૌખિક માહિતી પણ આપવામાં આવી હતી. આશરે ૧૫૦ કરતા વધુ વિદ્યાર્થીઓએ પોલીસ તંત્રની કામગીરી અંગેની માહિતી મેળવી હતી.

**DATE: 07/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### અકસ્માતો અટકાવવા વિવિધ સુચનો કર્યા

# ભરૂચ ડીએસપીની ટ્રક એસો.ના હોદ્દેદારો સાથે બેઠક યોજાઇ

| ભરૂચ |

ભરૂચ જિલ્લામાંથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પસાર થાય છે ત્યારે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર અવારનવાર અકસ્માતોના બનાવો બનતા રહે છે. આ ઉપરાંત જિલ્લાના રાજય ધોરીમાર્ગ તેમજ અંતરિયાળ રસ્તાઓ પર પણ અકસ્માતના બનાવો બને છે ત્યારે આવા અકસ્માતના બનાવોને અટકાવવા અથવા તો સંખ્યા નિયંત્રિત કરવા માટે ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાએ તાજેતરમાં ભરૂચ ટ્રાફીક પોલીસ તથા જિલ્લાના ટ્રક એસોસીએશનના ૩૦ કરતા વધુ હોદ્દેદારો સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતુ અને બેઠકમાં જણાવ્યુ હતુ કે, ટ્રાફકીના નિયમોનું પાલન કરવાથી અકસ્માતના બનાવો ઓછા થઈ શકે છે અને તેથી લોકોના જીવ બચાવી શકાય છે. ટ્રકની ડાબી અને જમણી અને પાછળના ભાગે રેડીયમ રીફલેકટર અને ટ્રાફીકને લગતા જરૂરી નિર્દેશનો દર્શાવતા ચિન્હો લગાવવા જોઈએ. આ ઉપરાંત જો વાહન રોડ ઉપર બગડેલ હોય ત્યારે વાહનની પાછળના ભાગે થોડા અંતરે જરૂરી આડ મુકવુ અથવા તો વાહન બગડેલ છે તેમ પાછળથી આવતા વાહનના ચાલકને જાણ થાય તે માટે જરૂરી વ્યવસ્થા કરવી જોઈએ. બને ત્યાં સુધી વાહન ટ્રાફીકને અડચણ રૂપ ન થાય તે રીતે તાત્કાલીક ખસેડી અન્ય જગ્યાએ ઉભુ કરી દેવુ જોઈએ. ટ્રક ચાલકોએ પોતાની સાથે ટ્રકના તમામ કાગળો રાખવા સહિતની જાણ કરી હતી.

**DATE: 07/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### મુખ્ય માર્ગો પરથી લારીઓ હટી જવાથી ટ્રાફિક સમસ્યા હળવી બનતાં રાહત થઇ

# વાગરામાં શાકભાજીના લારીવાળાઓને વૈકલ્પિક જગ્યા સમર્પિત કરવામાં આવી

ભાસ્કર ન્યૂઝ | વાગરા

વાગરામાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે વિવિધ વિસ્તારોમાંથી દબાણો દૂર કરવામાં આવ્યાં છે તેમજ રોડની સાઈડે ઉભા રહેતાં લારીધારકોને એસટી ડેપોની પાછળ દુકાનોની ફાળવણી કરી દેવામાં આવી છે. પીએસઆઇ તથા આગેવાનોની હાજરીમાં કન્યા શાળાના બાળકોની હાજરીમાં નવું માર્કેટ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

નગરમાં ઠેર ઠેર ટ્રાફિક સમસ્યામાં દિનપ્રતિદિન ઉત્તરો ઉત્તર વધારો થતા પ્રજાજનોને તેમજ વાહન ચાલકોને મુશ્કેલીઓ નો સામનો કરવો પડતો હતો. જેથી શાકભાજી તેમજ ફ્રુટની લારીઓ વાળાને પોલીસે અલ્ટીમેટમ આપતા વેપારીઓમાં દોડધામ મચી હતી. ખાસ કરીને લારીવાળાઓ ગ્રામ પંચાયત કચેરી ખાતે હોબાળો મચાવ્યો હતો. આખરે તેમને એસટી ડેપો પાછળની વૈકલ્પિક



જગ્યાની ફાળવણી કરી દેવામાં આવી હતી. પો.સ.ઇ.અનિતા જાડેજા સહિતના સ્ટાફ તેમજ નગરના અગ્રણી જાબિર પટેલની હાજરીમાં કન્યાશાળાની બાળાઓના હસ્તે રીબીન કપાવી શા ક્માર્કેટ વેપારીઓ ને સમર્પિત કરવામાં આવ્યું હતું.

**DATE: 08/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ચાર પાર્કિંગ ઝોન હોવા છતાં રોડની સાઇડમાં વાહનો મૂકી દેતા ડ્રાઇવરો

# ઝઘડિયામાં આડેધડ રીતે પાર્ક કરાયેલાં 10થી વધુ વાહન પોલીસે ડીટેઈન કર્યા

### કંપનીઓ પણ વાહનો વ્યવસ્થિત રીતે પાર્ક કરાવવામાં નિષ્ફળ રહી



ઝઘડિયામાં પોલીસે વાહનો જપ્ત કરી લેતાં ડ્રાઇવરોમાં દોડધામ મચી હતી.

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા જીઆઇડીસીના મુખ્ય માર્ગોને અડીને આડેધડ પાર્ક કરાતા વાહનોની સમસ્યા પણ મુખ્ય છે. વિવિધ કંપનીઓ માટેનું રો- મટિરિયલ તેમજ અન્ય જરુરી સામાન લઈને આવતા ટેન્કરો તેમજ ટ્રકો જેવા મોટા વાહનો જાહેર રસ્તાઓને અડીને લાંબી લાઇનો લગાવીને પાર્ક કરાતા હોય છે. આને લઈને જીઆઇડીસીમાં જતા આવતા અન્ય વાહનો માટે મુશ્કેલી સર્જાય છે.

જીઆઇડીસીમાં આવતા વાહનોના પાર્કિંગ માટે ચાર જેટલા પાર્કિંગ સ્થળ બનાવાયેલા છે, છતાં આવા વાહન ચાલકો પોતાના વાહનો જાહેર રોડને અડીને પાર્ક કરતા હોવાથી કોઇવાર જીવલેણ અકસ્માતનું કારણ પણ બની શકે. પોલીસ દ્વારા આવા વાહનો જાહેરમાં પાર્ક ના કરાય તે માટે સૂચનાઓ આપવા છતાં વાહનો આડેધડ મુખ્ય માર્ગો પર પાર્ક કરવાનું ચાલુ રહેતા આજરોજ પોલીસે લાલ આંખ કરીને આડેધડ પાર્ક કરાયેલ વાહનો સામે સપાટો બોલાવીને ટેન્કરો તેમજ ટ્રકો મળીને 10 જેટલા વાહનો ડિટેઇન કરીને કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. આને લઈને જીઆઇડીસી સંકુલમાં આડેધડ જાહેર માર્ગો પર વાહનો પાર્ક કરતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો હતો. ઝઘડિયા પીઆઇ ભરવાડના જણાવ્યા મુજબ જાહેર રસ્તા પર પાર્ક કરાતા વાહનો પ્રત્યે દંડનીય કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે. વાહનો પાર્ક કરવા માટે ફાળવેલી જગ્યામાં જ વાહનો પાર્ક કરવામાં આવે તે જરુરી છે.

**DATE: 08/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# ભરૂચના મારું ફળિયામાં જુગાર રમતાં 5 ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના મારૂ ફળિયામાં આવેલાં વેરાઈ માતાના મંદિર પાસે જામેલી જુગારની મહેફિલ પર પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે ક્રિષ્ણારાવ ,, પરેશ વસાવા, હાર્દિક સાધુ, બ્રિજેશ સોલંકી તેમજ ગૌરવ વસાવા નામના પાંચ જુગારિયાઓને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. ટીમે રોકડા રૂપિયા તેમજ બે મોબાઈલ મળી કુલ 25 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 08/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-11**

### પ્લાન્ટ ઓપરેટરે ચોરીને અંજામ આપ્યો

# અંકલેશ્વરની કંપનીમાંથી પાઉડરની ચોરીમાં ૩ ઝબ્બે

| અંકલેશ્વર |

અંકલેશ્વર જીઆઈડીસીની કર્માતુર ચોકડી પાસે આવેલ ડેનો ફાર્મ કેમિકલ્સ કંપનીમાંથી કીટોકોનાઝોલ પાઉડરની ચોરીના મામલામાં શિફ્ટ ઈન્ચાર્જ અને ઓપરેટરના કહેવાથી પ્લાન્ટ ઓપરેટરે ચોરીની ઘટનાને અંજામ આપ્યો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

મળતી માહિતી અનુસાર, અંકલેશ્વરના ગડખોડ પાટિયા સ્થિત વેલકમ નગરમાં રહેતા વિનયકુમાર રામ વિરાજન સિંઘ અંકલેશ્વર જીઆઈડીસીની કર્માતુર ચોકડી પાસે આવેલ ડેનો ફાર્મ કેમિકલ્સ કંપનીમાં જનરલ મેનેજર તરીકે ફરજ બનાવે છે. જેઓની કંપનીમાં ગત તા. ૪ ઓક્ટોબરના રોજ રાત્રીના સમયે સિક્યુરિટી ગાર્ડનો ફોન આવ્યો હતો, અને કંપનીમાં પ્લાન્ટ ઓપરેટર તરીકે ફરજ બજાવતા અવિનાશ વર્માને ૩ કિલો કીટોકોનાઝોલ પાઉડર સાથે પકડી પાડ્યો હોવાનું જણાવ્યુ હતું.

જે બાદ કંપનીના જનરલ મેનેજરે અવિનાશ વર્મા અને તેના કોન્ટ્રાક્ટરને બોલાવી તેની પૂછપરછ કરતાં આ પાઉડરનો જથ્થો શિફ્ટ ઈન્ચાર્જ યતેન્દ્ર સિંઘ તેમજ મનોજ સિંઘના કહેવાથી કીટોકોનાઝોલ પાઉડરની ચોરી કરી હોવાનું કબૂલ કર્યું હતું, ત્યારે કંપની સત્તાધીશો દ્વારા રૂ. ૧૩ હજારના કીટોકોનાઝોલ પાઉડરની ચોરી અંગે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં ચોરીમાં સંડોવાયેલ ત્રણેય કર્મચારીઓને પોલીસે ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

### આરોપીને ૩ કિલો પાઉડર સાથે પકડી પાડ્યો

**DATE: 08/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

## અંકલેશ્વર તા.ના એક ગામનો બનાવ

# બનેવીએ સગીર સાળી સાથે દુષ્કર્મ કરતાં ફરિયાદ

અંકલેશ્વર : અંકલેશ્વરના એક ગામમાં ૪ મહિના પહેલા જીજાજીને ત્યાં વાસ્તુપૂજનમાં આવ્યા બાદ રોકાઈ ગયેલી સગીર સાળી પર બનેવીએ જ દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

અંકલેશ્વરના એક ગામમાં દંપતી રોજગારી માટે વસ્યું હતું. મે મહિનામાં વાસ્તુપૂજનમાં દિલ્હીથી સાસુ, સાળો અને સગીર સાળી આવ્યા હતા. જે બાદ માતા અને ભાઈ પરત દિલ્હી જતા રહેતાં સગીરા બહેન-બનેવીને ત્યાંજ રોકાઈ ગઈ હતી. બહેન નોકરી પર જતી હોઈ બનેવીએ સગી સાળી સાથે પાંચ વખત દુષ્કર્મ કર્યું હતું. જેથી માતા અને ભાઈને સગીરાએ ફોન કરી જીજાજીની ખરાબ કરતૂતો જણાવતા તેને દિલ્હી લઈ ગયા હતા. જોકે સપ્ટેમ્બરમાં સગીરાને ૩ મહિનાનો ગર્ભ હોવાનું નિદાન થયું હતું. કાયદાકીય મંજૂરી લઈ સગીરાનો ગર્ભપાત કરાવ્યા બાદ દિલ્હી પોલીસે ઝીરો નંબરથી ફરિયાદ દાખલ કરતા કામરેજ ગઈ હતી. જ્યાંથી અંકલેશ્વર રૂરલ પોલીસે ફરિયાદ દાખલ કરી પોકસો, દુષ્કર્મ સહિતના ગુનામાં દુષ્કર્મી બનેવીની ધરપકડ કરી લીધી છે.

**DATE: 08/10/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસે વડિયા તળાવ પાસે વોચ રાખી હતી

# કારમાં દારૂની ખેપ મારવા નીકળેલાં 2 બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના ઉમલ્લાની પોલીસને બાતમી મળી હતી કે, નર્મદા જિલ્લામાંથી બે બુટલેગરો દારૂની ખેપ મારવા માટે ભરૂચ જિલ્લામાં આવી રહયાં છે. જેથી પોલીસે વડીયા તળાવથી શ્રી માધવ સેતુ બ્રિજ તરફ જતા વળાંક પાસે વોચ રાખી હતી. તે દરમિયાન બાતમીવાળી કાર આવતા તેને કરી ઉભી રખાવી હતી. કારમાં તપાસ કરતા વિદેશી દારૂની નાની મોટી 264 નંગ બોટલ જેની કિંમત 57,600 રૂા. મળી આવી હતી. પોલીસે દારૂની ખેપ મારનાર હાર્દિક ભુપત માછી, હરેશ જયંતિ માછી ) બંને રહે. ઓરી ગામ તા, નાંદોદ જી. નર્મદા)ને પકડી પાડી તથા અન્ય બે આરોપીઓને વોન્ટેડ જાહેર કરી તેમની સામે કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે દારુ અને કાર સહિત 1.42 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ફરાર જાહેર કરેલાં આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરાઈ છે.